એટલે પછી તે ખેડૂત તે જુવાન કવિ પાસે ગયો અને તેની પાસે મદદની યાચના કરી. તિરુવલ્લુવરે થોડીક રાખ લઇ પોતાની હથેળી પર મૂકી તેમાં મંત્રના પાંચ અક્ષર લખ્યા અને પછી એ રાખ હવામાં ઉડાડી મૂકી. એ મંત્રની શક્તિ પેલા રાક્ષસ ઉપર જઇને તૂટી પડી અને તે મરી ગયો. અને એ રીતે કાવેરીપકમ્ ના લોકો સુખી થયા.

*

તો જગતના તમામ દેશોનાં હે વીર બાળકો, કહો જોઈએ એવી કઈ વસ્તુઓ છે કે જેની સાથે લડી લેતાં તમને આવડવું જોઈએ? એવી કઈ વસ્તુઓ છે કે જેને માણસે વશમાં લેવી જોઈએ? જેનો નાશ કરવો જોઈએ?

એવી વસ્તુઓ આ પ્રમાણેની છે. માણસના જીવનને જે કોઈ વસ્તુ હાનિ પહોંચાડતી હોય, માનવની પ્રગતિને જે રોકતી હોય, માનવને જે કોઈ તત્ત્વ નિર્બળ બનાવી દેતું હોય, તેને અધોગતિમાં લઈ જતું હોય, તેને દુઃખી કરતું હોય, એ સર્વ વસ્તુઓ સાથે આપણે લડી લેવાનું છે.

… … …

એકેએક સ્થળેથી રોગની આપત્તિને હાંકી કાઢી શકે એવા કાબેલ ડૉકટરો આપણે તૈયાર કરવા જોઈએ.

આપણે ગરીબાઈને નાબૂદ કરવા પ્રચંડ પ્રયત્નો કરવા જોઈએ. ગરીબાઈમાંથી ભૂખ જન્મે છે. એ ભૂખનાં માર્યાં, રોટીનો એક ટુકડો પણ ન મળતાં બાળકો જયારે ટળવળે છે ત્યારે કેટલીયે માતાઓની આંખોમાંથી આંસુના ઝરા વહે છે. એ દરિદ્રતા જગતમાંથી જવી જ જોઈએ.

જગતમાંથી દુષ્ટતા, ઈર્ષા, અન્યાય — હરેકના જીવનને દુઃખમય કરી નાખતી આ સર્વ વસ્તુઓને આપણે મિટાવી દેવાની છે.

'સુંદર કથાઓ'

— શ્રી માતાજી

From: Dakshina Karyalaya, Sri Aurobindo Ashram, Pondicherry-2. © 0413-2331470
રવાના: દક્ષિણા કાર્યાલય, શ્રી અરવિન્દ આશ્રમ, પોંડિચેરી-૨ © ૦૪૧૩-૨૩૩૧૪૭૦ • September 2021
https://themothersprosperity.org

Prosperity

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

2021
SEPTEMBER
૧ સપ્ટેમ્બર, ૨૦૨૧

## — Building and Destroying —

## — રચના અને વિનાશ —

[ 24 March 2020: in the evening our Prime Minister Narendra Modi ordered a nationwide Lockdown of 21 days. General reaction was dissatisfaction and unhappiness and grumblings. There were others who remained calm. And among them there were a few who began to observe and analyse themselves and their daily living. They were surprised to find many accumulated, undesirable and unnecessary things. And they began removing these (Inner Destroying) and making space (Inner Building) for new fresh progressive items. Let us pray this our Inner Destroying and our Inner Building continues and leads us to an evergrowing Spiritual Living. - Sudha Sundaram, 28 August 2021 ]

Children, you all know what it is to build and to destroy. Weapon in hand, the warrior goes forth to destroy. The builder draws up plans, digs foundations, and the toiling hands of men build a farmhouse for the peasant or a palace for a prince.

It is better to build than to destroy, and yet destroying is sometimes necessary.

You, children, who have strong arms and hands, do you only build? Do you never destroy? And if you do, what do you destroy?

… … …

*

Tiruvalluvar, who gave golden words to the people, could also fight and kill. He slew the demon of Kaveripakam.

In Kaveripakam there lived a farmer who owned a thousand head of cattle and vast fields of corn. But a demon had been terrifying the countryside; he uprooted the crops from the soil, and slew cattle and men. And the hearts of the people of Kaveripakam were distressed.

"I will give house, land and money to the hero who will rid us of this demon," said the wealthy farmer.

For a long time no hero appeared, and the farmer asked the sages who lived on the mountain what he ought to do.

"Go to Tiruvalluvar," said the sages of the mountain.

So he went to visit the young poet and asked for his help. Then Tiruvalluvar took some ashes and spread them on the palm of his hand and on it wrote five sacred letters, uttered some mantras, then threw the ashes into the air. And the power of the letters and the mantras fell upon the demon, so that he died. This filled the people of Kaveripakam with joy.

*

So, brave children of every land, what are the evil things that you should learn to fight? What are the things that man must master or destroy?

All that threatens his life and is harmful to his progress, all that weakens or degrades him, all that makes him unhappy.

… … …

Let him train skillful doctors to drive out pain and sickness everywhere.

Let him strive to conquer poverty, the cause of hunger, which makes so many mothers grieve because their children have no bread.

Let him abolish wickedness, envy, injustice, which make life miserable for all.

'Tales of All Times' – The Mother

# રચના અને વિનાશ

**બાળકો,** તમે સૌ જાણો છો કે રચવું એટલે શું અને નાશ કરવો એટલે શું.

સૈનિક હાથમાં હથિયાર લઇ લડવા જાય છે, અર્થાત્ એ નાશનું કામ કરે છે.

મકાનનો બાંધનાર નકશા બનાવે છે, પાયા નાખે છે અને માણસના મહેનતુ હાથ ખેડૂત માટે ઝૂંપડાં બનાવી આપે છે, રાજા માટે મહેલ ચણી આપે છે. એ છે રચવાનું કામ.

વસ્તુનો નાશ કરવો એના કરતાં વસ્તુ બનાવવી એ તો જાણે કે વધુ સારું છે જ. પણ કેટલીક વાર વસ્તુનો નાશ કરવાની જરૂર પણ પડે છે.

બાળકો, તમારા હાથ, તમારા બાહુ તો ખૂબ બળવાન છે, તો કહો તમે માત્ર શું રચના જ કરશો? શું તમે કદી પણ નાશનું કામ નહિ કરો? અને તમારે નાશનું કામ કરવાનું આવે તો કહો, તમે શેનો નાશ કરશો?

… … …

*

આ મહાકવિ તિરુવલ્લુવર લોકોને માત્ર અમૃત જેવી વાણી જ સંભળાવતો ન હતો. તે લડી પણ જાણતો હતો, મારી પણ જાણતો હતો. તેણે ના રાક્ષસનો નાશ કર્યો તેની વાર્તા આ પ્રમાણે છે.

કાવેરીપકમ્ નામના એક ગામમાં એક ઘણો તાલેવંત ખેડૂત હતો. એને ત્યાં એક હજાર ઢોર હતાં, ઘઉંનાં મોટાં મોટાં વિશાળ ખેતરો હતાં. પણ એ ગામમાં એક રાક્ષસ આવી ભારે રંજાડ કરી જતો. જમીનમાંથી તે આખા ને આખા મોલ ઉખાડી નાખતો, પશુઓને તેમ જ માણસોને મારી નાખતો. એના ત્રાસથી કાવેરીપકમ્ ના લોકો કાંપી ઊઠ્યા હતા.

એટલે પેલા ધનવાન ખેડૂતે એક દિવસ ઢંઢેરો પિટાવ્યો કે જે કોઇ વીર પુરુષ આ રાક્ષસને મારી આપશે તેને હું એક મકાન આપીશ, જમીન આપીશ, અને પૈસા આપીશ.

કેટલોય વખત ચાલ્યો ગયો પણ રાક્ષસને મારનાર કોઈ વીર નર નીકળ્યો નહિ. એટલે હવે શું કરવું તેની સલાહ લેવા પેલો ખેડૂત પાસેના પર્વત ઉપર રહેતા મુનિઓ પાસે ગયો.

'જાઓ, તિરુવલ્લુવરને જઈને મળો.' પર્વત પરના મુનિઓએ તેને આ પ્રમાણે જવાબ આપ્યો.